# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org

જા.નં.હસબ/આદેશ/૨૦૨૫/ 9534 તા. ૩૧/૦૭/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રીઓ,

સરકારી, અનુદાનીત,આશ્રમ શાળાઓ,કે.જી.બી.વી. અને મોડેલ સ્કૂલો, સુમન શાળાઓ તમામ,

સુરત

વિષય : ધોરણ –૯ થી ૧૨ના પાઠયપુસ્તકો બાબત.

સંદર્ભ : ગુ.રા.શા.પા.મંડળ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક નં: પપમ/વિતરણ/ ૩૦૨૧-૨૩તા.૧૪/૦૭/૨૦૨૫.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે સરકારશ્રીની ઈ.ડી.એન. યોજના હેઠળ રાજયની સરકારી, અનુદાનીત, આશ્રમ શાળા, કે.જી.બી.વી., મોડેલ સ્કૂલો અને સુમન શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે શાળાની માંગણી મુજબના ધોરણ ૯ થી ૧૨ના ગુજરાતી તથા અન્ય માધ્યમના પાઠયપુસ્તકો ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા જિલ્લાના એસ.વી.એસ. કક્ષાએથી શાળામાં વિદ્યાર્થીઓને વિતરણ કરવા પહોંચાડવામાં આવેલ છે. પાઠયપુસ્તકો એસ.વી.એસ. કક્ષાએ મોકલ્યા બાદ એસ.વી.એસ. કક્ષાની શાળાઓ અને વિદ્યાર્થી સુધી પહોંચાડવાની જવાબદારી એસ.વી.એસ. કન્વીનરશ્રીની અને શાળાઓના આચાર્યશ્રીઓની છે, જેથી આ બાબતે તકેદારી રાખવા તથા ચાલુ વર્ષે દરેક શાળાએ પોતાના શાળામાં માંગણી મુજબના પાઠયપુસ્તકો મળી ગયેલા છે, અને તેનું વિતરણ વિદ્યાર્થીઓને કરેલ છે. તે મતલબનું પ્રમાણપત્ર એસ.વી.એસ. કન્વીનરશ્રીને તા.૦૪/૦૮/૨૦૨૫ સુધીમાં આપવાનું રહેશે. અને એસ.વી.એસ. કન્વીનરશ્રીઓએ એસ.વી.એસ.કક્ષાનું પ્રમાણપત્ર તેમના બીટના AEI ને તા.૦૫/૦૮/૨૦૨૫માં જમા કરાવવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

# ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

"વિદ્યાયન",સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.

નં.પપમ/વિતરણ/ 3021-23

તા. 14 JUL 2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
**જિલ્લો : તમામ**

**વિષય:- ધોરણ-૯ થી ૧૨ના પાઠ્યપુસ્તકો બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરી દ્વારા સરકારશ્રીની ઈ.ડી.એન. યોજના હેઠળ રાજ્યની સરકારી, અનુદાનીત, આશ્રમ શાળા, કે.જી.બી.વી અને મોડેલ સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આપની માંગણી મુજબના ધોરણ-૯ થી ૧૨ના ગુજરાતી તથા અન્ય માધ્યમના પાઠ્યપુસ્તકો જિલ્લાના એસ.વી.એસ કક્ષાએ અત્રેથી મોકલવામાં આવે છે. પાઠ્યપુસ્તકો એસ.વી.એસ કક્ષાએ મોકલ્યા બાદ એસ.વી.એસ કક્ષાની શાળાઓ અને વિદ્યાર્થી સુધી પહોંચાડવાની જવાબદારી આપની રહે છે. જ્યારે એસ.વી.એસ કક્ષાએ પુસ્તકો મોકલ્યા બાદ પુસ્તકો સંદર્ભે ઈલેક્ટ્રોનિક મીડીયા અથવા સમાચાર પત્રોમાં જે સમાચાર પ્રસિધ્ધ થાય છે તેની પ્રાથમિક ચકાસણી કરવાની અને કાર્યવાહી કરવાની જવાબદારી આપની રહે છે. જે બાબતે ખાસ જણાવવામાં આવે છે.

9848
14/7

**નાયબ નિયામક(વ.વિ.)**
**ગુજરાત રાજ્ય શાળા**
**પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર**

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ**

૧.માન.નિયામકશ્રી, કમિશન શાળાઓની કચેરી
૨. માન. નિયામકશ્રીના અંગત મદદનીશ (માન. નિયામકશ્રીને વંચાણે મુકવા સારુ)